# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આતંકવાદ, સાયબર સુરક્ષા સહિતના વૈશ્વિક પડકારોને પહોંચી વળવા બ્રિક્સની મહત્વપૂર્ણ ભૂમિકા.

2) બ્રિક્સ રાષ્ટ્રોએ આતંકવાદ અને સાયબર જોખમોનો સામનો કરવા માટે સહિયારા પ્રયાસો પર ભાર મૂક્યો.

3) અલ નીનોની સંભવિત અસરો સામે ખેડૂતોને સહાય કરવા સરકાર સજ્જ.

4) નીતિ આયોગે જણાવ્યું, ભારતે છેલ્લા ત્રિમાસિક ગાળામાં 5.4%નો વિકાસ દર મેળવ્યો છે.

5) સરકારી હોસ્પિટલોમાં જન્મેલા શિશુઓને તમિલનાડુ સરકાર એક ગ્રામ સોનાની વીંટી આપશે.

6) પુરુષોની હોકીમાં, ભારતે FIH પ્રો-લીગની પ્રથમ મેચમાં પાકિસ્તાનને 4-3થી હરાવ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM BRICS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, બદલાતા વૈશ્વિક પરિદૃશ્યમાં, સુરક્ષા સહયોગને વધુ ગાઢ બનાવવા અને આતંકવાદ અને સાયબર સુરક્ષાથી લઈને ઉભરતી ટેકનોલોજી સુધીના સહિયારા પડકારોનો સામનો કરવામાં બ્રિક્સની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે સાંજે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા સહિત બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો અને વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓ સાથે મુલાકાત કરી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભારતનું બ્રિક્સ પ્રમુખપદ વ્યવહારુ સહયોગને પ્રોત્સાહન આપવા, તેમજ સુરક્ષિત અને સમાવિષ્ટ વિશ્વ માટે યોગદાન આપવાનો પ્રયાસ કરશે.

# PM QATAR

નરેન્દ્ર મોદીએ કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ-થાની સાથે ટેલિફોન પર વાત કરી. કતારના અમીરે રવિવારે કતારના રાસ લફાન શહેરમાં થયેલા અકસ્માતમાં ભારતીય નાગરિકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી.

પ્રધાનમંત્રી મોદીએ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા બદલ શ્રી થાનીનો આભાર માન્યો અને ઘાયલોને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવા બદલ શ્રી થાનીની પ્રશંસા કરી.

# BRICS –NSA

દિલ્હીમાં બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો અને વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓની બેઠકમાં આતંકવાદ, સાયબર જોખમો અને વૈશ્વિક સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની 16મી બેઠકની અધ્યક્ષતા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ દ્વારા કરવામાં આવી હતી. બેઠકમાં સભ્ય દેશોએ ઉભરતા સુરક્ષા પડકારો પર ચર્ચા કરી. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, હવે વૈશ્વિક બની ગયેલા સુરક્ષા જોખમો પર ખાસ ચર્ચા કરવામાં આવી હતી.

સાંભળીએ આ અંગે એક અહેવાલ........

## VC: AMISHA

દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ચીનના વિદેશ મંત્રી વાંગ યીને કહ્યું કે, ભારત અને ચીન વચ્ચે સ્થિર અને સકારાત્મક સંબંધો પરસ્પર વિશ્વાસ અને સમજણને મજબૂત બનાવશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક માટે ભારતમાં આવેલા વાંગ યી સાથેની તેમની ચર્ચા દરમિયાન, ડોભાલે એકબીજાના મુખ્ય મુદ્દાઓ પર સંવેદનશીલતા જાળવવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આ ભારતની પરસ્પર સંવેદનશીલતા, પરસ્પર હિત અને પરસ્પર આદરની નીતિ સાથે સુસંગત છે.

# SITHARAMAN GROWTH SUMMIT

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સ્થિતિસ્થાપક અર્થતંત્રોના નિર્માણ, ટકાઉ વિકાસને વેગ આપવા અને સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા માટે મજબૂત બહુપક્ષીય સહયોગની હાકલ કરી છે.

ગઈકાલે નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી ગ્લોબલ કન્વર્જન્સ ફોર ગ્રોથ સમિટને સંબોધતા શ્રી સીતારમણે જણાવ્યું કે, વર્તમાન વિશ્વમાં સમૃદ્ધિ અને પડકારો વહેંચાયેલા છે, પરંતુ સંઘર્ષો અને અનિશ્ચિતતા વિકાસશીલ અને અવિકસિત દેશોને અપ્રમાણસર રીતે અસર કરે છે. તેમણે આ પડકારોનો સામનો કરવા માટે સંયુક્ત વૈશ્વિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# GOVERNMENT ETHANOL

સરકારે જણાવ્યું કે, ઇથેનોલ મિશ્રણ કાર્યક્રમ વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલ છે અને તેનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. સરકારે, ઇથેનોલ-બ્લેન્ડેડ પેટ્રોલ (EBP) અંગે સોશિયલ મીડિયા પર કેટલાક ભ્રામક અને પાયાવિહોણા દાવાઓ જનતાને ગેરમાર્ગે દોરનારા ગણાવ્યા હતાં. સરકારે જણાવ્યું કે, તે તેલ માર્કેટિંગ કંપનીઓ, વાહન ઉત્પાદકો, બળતણ પરીક્ષણ એજન્સીઓ અને અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કરીને ઇથેનોલ મિશ્રણ કાર્યક્રમના અમલીકરણ પર સતત દેખરેખ રાખી રહી છે.

# SHIVRAJ CHAUHAN –MOONSON

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, સરકાર અલ નીનોની સંભવિત પ્રતિકૂળ અસરોને પહોંચી વળવા માટે ખરીફ પાક માટે સાવચેતીપૂર્વક તૈયારીઓ કરી રહી છે. નવી દિલ્હીમાં શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે, દેશમાં અત્યાર સુધીમાં આશરે 43 ટકા વરસાદની ખાધ રહી છે, અને જુલાઈમાં પણ ચોમાસુ નબળું રહેવાની ધારણા છે. ચૌહાણે જણાવ્યું હતું કે, આશરે 315 જિલ્લાઓમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની ધારણા છે.

**BYTE: SHIVRAJ-SINGH-CHOUHAN**

# NITI AAYOG

નીતિ આયોગના ઉપાધ્યક્ષ ડૉ. અશોક કુમાર લાહિરીએ જણાવ્યું કે, છેલ્લા ત્રિમાસિક ગાળામાં ભારતનો કુલ વેપાર ૫.૪ ટકા વધ્યો છે. ડૉ. લાહિરીએ નવી દિલ્હીમાં ટ્રેડ વોચ ક્વાર્ટરલીના અહેવાલના નવીનતમ સંસ્કરણનું વિમોચન કરતી વખતે આ વાત કહી હતી.

ઉપાધ્યક્ષે ઉમેર્યું હતું કે, છેલ્લા ત્રિમાસિક ગાળામાં ભારતની નિકાસ ૧.૮૪ ટ્રિલિયન ડોલર અને આયાત ૬.૫ ટકા વધી છે. પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ વિશે વાત કરતા, તેમણે કહ્યું કે આ કટોકટી કામચલાઉ છે અને આશા વ્યક્ત કરી કે ટૂંક સમયમાં વિશ્વમાં શાંતિ સ્થપાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## NEW BORN GOLD RING

**તમિલનાડુ સરકારે વેટ્ટી તમિલગમ વિઝન ડોક્યુમેન્ટને મંજૂરી આપી છે. થાઇમામન થાંગા મોથિરા થિટ્ટમ પહેલ હેઠળ, રાજ્યમાં કાયમી ધોરણે રહેતા પરિવારોમાં સરકારી હોસ્પિટલોમાં જન્મેલા નવજાત શિશુઓને એક ગ્રામ સોનાની વીંટી મળશે.**

**આ પહેલનો હેતુ નવજાત શિશુ અને માતા બંનેનું સન્માન કરવાનો છે. રાજ્ય સરકારે આ પહેલને અમલમાં મૂકવા માટે 55 કરોડ 83 લાખનું વાર્ષિક બજેટ ફાળવ્યું છે.**

# AAM ADMI PARTY –GUJRAT

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને હુમલો અને ખંડણીના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. પરિણામે તેમનું વિધાનસભાનું સભ્યપદ રદ થઈ શકે છે. ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, બે વર્ષની જેલની સજા પામેલી વ્યક્તિ કાયદેસર રીતે પદ સંભાળી શકતી નથી અને છ વર્ષ સુધી ચૂંટણી લડવા પર પણ પ્રતિબંધિત છે.

ચૈતર વસાવા, તેમની પત્ની શકુંતલા વસાવા અને અન્ય આઠ લોકોને તાજેતરમાં રાજપીપળા સેશન્સ કોર્ટ દ્વારા 2023ના વન વિભાગના અધિકારીઓ પર હુમલો, ખંડણી અને આર્મ્સ એક્ટ હેઠળના ગુનાઓના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

# ED

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બેંગલુરુ અને મુંબઈમાં એક નિકાસ કંપની સાથે જોડાયેલા અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, નવ સ્થળોએ દરોડા ચાલુ છે. પ્રારંભિક તપાસમાં શેર વ્યવહારોમાં શંકાસ્પદ ગેરરીતિઓ બહાર આવી છે. કંપનીના શેર કથિત રીતે શેલ કંપનીઓ દ્વારા વ્યવહાર કરવામાં આવ્યા હતા, અને બે કરોડ ડોલરથી વધુની રકમ દેશની બહાર ટ્રાન્સફર કરવામાં આવી હતી.

# IMO- EVACUATION PLAN- HORMUZ

ઇન્ટરનેશનલ મેરીટાઇમ ઓર્ગેનાઇઝેશન હોર્મુઝ સામુદ્રધુનીમાં ફસાયેલા 11 હજારથી વધુ ખલાસીઓને બચાવશે. સેક્રેટરી-જનરલ આર્સેનિયો ડોમિંગુએઝે જણાવ્યું હતું કે, આ કામગીરીમાં મદદ કરવા માટે જરૂરી સુરક્ષા ગેરંટીઓ સુરક્ષિત કરવામાં આવી છે. ઈરાન, ઓમાન, પ્રદેશના અન્ય દેશો અને દરિયાઈ ઉદ્યોગ આ કામગીરીમાં સામેલ થશે.

# FIH PRO –HOCKEY

પુરુષોની હોકીમાં, ભારતે FIH પ્રો લીગના લંડનમાં રમાયેલી પ્રથમ મેચમાં પાકિસ્તાનને 4-3થી હરાવ્યું. ભારત તરફથી અભિષેક નૈન, નીલકંઠ શર્મા, સુખજીત સિંહ અને રાજિન્દર સિંહે ગોલ કર્યા. પાકિસ્તાનના અહેમદ નદીમે ત્રણ ગોલ કર્યા, પરંતુ ભારતીય ટીમે પોતાની લીડ જાળવી રાખી અને મેચ જીતી લીધી.

આ જીત સાથે, ભારતે પાકિસ્તાન સામે 2014થી સતત જીતનો રેકોર્ડ જાળવી રાખ્યો ચાલુ છે. ભારતનો આગામી મુકાબલો ગુરુવારે ઇંગ્લેન્ડ સામે થશે. ત્યારબાદ ભારત 26 જૂને ફરી પાકિસ્તાન સામે અને અંતિમ મેચ 28 જૂને ઇંગ્લેન્ડ સામે રમાશે.

# <u>આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા</u>

- આજના અખબારોમાં વિવધ સમાચારો છપાયા છે.
- ગુજરાત સમાચાર અને સંદેશે લખ્યું છે કે, સમગ્ર યુરોપ હવે ભીષણ ગરમીથી ત્રાહિમામ: ફ્રાન્સમાં **40**નાં મોત.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, **CUET; 100** પર્સન્ટાઇલ વાળા **20%** વધ્યા, પ્રીમિયમ સંસ્થાઓમાં એડમિશન મુશ્કેલ બનશે.
- નવગુજરાત સમય લખે છે કે, **PM**ની રાષ્ટ્રપતિ સાથે મુલાકાતથી મંત્રીમંડળના વિસ્તરણની અટકળો.
- અને ફૂલછાબે, "પરમાણુ ઈમાનદારી, ઈરાન સામે ટ્રમ્પનો નવો દાવો" ના સમાચાર લીધા છે.
- સ્થાનિક સમાચારોમાં સૌરાષ્ટ્રમાં વાતાવરણમાં પલટો:ગોંડલમાં દોઢ કલાકમાં સવા બે ઇંચ વરસાદ, **"AAP"**ના ધારાસભ્ય ચૈતર વસાવાને **7** વર્ષની જેલ, પત્ની સહિત **9** દોષી, ચાંગોદરમાં નકલી બ્લડ પ્લાઝમા રેકેટનો પર્દાફાશ: **1140** યુનિટ પકડાયા, **128** કરોડનું ફેક ઇનવોઈસિંગ કૌભાંડ ઝડપાયું  જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.